## **મંગળવાર, તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪**

૧૦૯. **પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે નિયમ-૨૩૮(૫) અન્વયે મુદ્દા અને તે આપનાર સભ્યોના નામોનું બેલટ.**

સોમવાર, તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રજૂ થનાર પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે જે સભ્યશ્રીઓ ઇચ્છા ધરાવતા હોય તેમણે નિયમ-૨૩૮(૫) અનુસાર ઉક્ત વિધેયક સંબંધમાં તેમનો એક-એક મુદ્દો મોડામાં મોડા **શુક્રવાર, તા.૯મી ફેબ્રુઆરી,૨૦૨૪ના રોજ સવારના ૧૦-૦૦ કલાક સુધીમાં મોકલી આપવાનો રહેશે.**

શુક્રવાર, તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦-૦૦ કલાક સુધીમાં જે સભ્યશ્રીઓએ મુદ્દા મોકલ્યા હશે તેમનો ચર્ચામાં ભાગ લેવા માટેનો ક્રમ બેલટથી નક્કી કરવાનું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું છે. **બેલટ શુક્રવાર,તા.૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં ગુજરાત વિધાનસભા સચિવાલયના ત્રીજા માળે આવેલ ઉપસચિવ, શ્રીમતી નેહા કે. સુથારની ચેમ્બરમાં યોજવામાં આવશે.**

**ઉપરોક્ત બેલટ વખતે સભ્યશ્રીઓ હાજર રહી શકશે.**

પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં શક્ય તેટલા વધુ સભ્યશ્રીઓ ભાગ લઇ શકે તે હેતુથી ઇચ્છા ધરાવતા **દરેક સભ્યશ્રીઓનો પૂરક વિનિયોગ વિધેયક માટે એક-એક મુદ્દો સ્વીકારવાનું** માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું છે. તેથી ઇચ્છા ધરાવતા દરેક સભ્યશ્રીને પૂરતી જાહેર અગત્યની બાબત હોય તેવો એક મુદ્દો પસંદ કરી સમયસર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર.

ડી. એમ પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા